જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૨૭/૦૮/૨૦૨૩   રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા:-   સમાચાર યાદી નં.૧૪૦૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૬૨ લીટર દેશી દારૂ, ૪૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૨૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-   સમાચાર યાદી નં.૧૪૦૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડ:-   સમાચાર યાદી નં.૧૪૧૦/૨૦૨૩

**એલીસબ્રીજ:** આર્યનભાઇ દીપકભાઇ મશરૂ (રહે. સાગંથ ફ્લેટસ સ્વસ્તીક સોસાયટી, શ્રેય હોસ્પીટલની બાજુમાં, નવરંગપુરા) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૮/૨૦૨૩ રાતના ૯/૦૦ થી તા.૨૬/૦૮/૨૦૨૩ કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન એલીસબ્રીજ જનપથ માર્કેટમા આવેલ દુકાન નંબર-ડી/૦૮ “SELL 4 PHONE” નામની દુકાનનું શટર ઉંચુ કરી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનના કાઉન્ટરમાંથી અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૬ અને એક સ્માર્ટ વોચ મળી કુલ કિંમત રૂપિયા ૨,૩૪,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી પર્વતસિંહ વેચાતભાઇ ચલાવે છે.

### આત્મહત્યા:-   સમાચાર યાદી નં.૧૪૧૧/૨૦૨૩

**શહેરકોટડા:** શિવભવન ભુખન નિશાદ (ઉ.વ.૨૨)(રહે.મોટી વાસણશેરી હિમ્મતલાલ મીઠાઇવાળા સામે, ચી.કે.સ્કુલ પાછળ સરસપુર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૩ કલાક ૯/૧૫ વાગ્યા પહેલા રહેણાંક ખાતે લાકડાના મોભ સાથે પ્લાસ્ટિકની પાટી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હઠિસિંહ કેશરીસિંહ ચલાવે છે.

**બોડકદેવઃ** સુનિલ રામાજી ઠાકોર (ઉ.વ.૨૭) (રહે. કાળકા માતાનો વાસ બોડકદેવ ગામ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૩ કલાક 00/00 થી ૧/30 વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મનોજભાઇ દેવાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી